નશાબંધીની ફરિયાદની રેડમાં
મહિલા સુરક્ષા સમિતિના સભ્યોને
સામેલ નહીં કરવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
ક્રમાંકઃ મહસ-૨૯૨૦૧૫-૬૦૪૨-ક
તા. ૩૧-૦૭-૨૦૧૫

પરિપત્રઃ-

મહિલા સામેના અત્યાચારો રોકવા રાજય, શહેર, જીલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ મહિલા સુરક્ષા સમિતિની રચના કરવાનો નિર્ણય સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે. મહિલા સુરક્ષા સમિતિઓ દ્વારા ગતિશીલ ગુજરાતના પહેલા તબક્કામાં "નશાબંધી સમર્થનમાં મહિલા સમિતિઓ દ્વારા હાથ ધરવામાં આવેલ ઝુંબેશ" બાબતમાં મહિલાઓએ કામગીરી કરવાની રહેતી હતી. પ્રસ્તુત બાબતમાં સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે કે, દાહોદ જીલ્લાની મહિલા સુરક્ષા સમિતિના કેટલાક સભ્યો દ્વારા નશાબંધીની પ્રવૃત્તિ અટકાવવા માટે પોલીસને રજુઆત કરેલ હતી. આ બાબતમાં પોલીસ દ્વારા નશાબંધી વિસ્તારમાં રેડ કરવા ગયેલ હતી ત્યારે મહિલા સમિતિના સભ્યોને પણ સાથે લઇ જવામાં આવેલ હતા.આમ મહિલાઓને સાથે લઇ જવાને કારણે સંબંધિત મહિલાઓ અને બુટલેગરો વચ્ચે ઘર્ષણ થવાનો સંભવ રહે છે અને કાયદો અને વ્યવસ્થાના અન્ય પ્રશ્નો ઉપસ્થિત થવાનો સંભવ રહે છે.

ઉપરોકત સંજોગોમાં રાજયના તમામ પોલીસ સ્ટેશનો તથા પોલીસ ચોકીઓ ખાતે ફરજ બજાવતાં સંબંધિત અધિકારી/કર્મચારીઓને નીચે પ્રમાણે સ્પષ્ટ સૂચના આપવા સર્વે પોલીસ કમિશ્નરશ્રી, પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ, પોલીસ અધિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે.

રાજય મહિલા સુરક્ષા સમિતિના તથા જીલ્લા, તાલુકા, અને ગ્રામ્ય કક્ષાના મહિલા સુરક્ષા સમિતિના સભ્યો દ્વારા દારૂ, જુગાર, વરલી, મટકા વગેરે

બાબતમાં ફરિયાદ અથવા રજુઆત કરવામાં આવે ત્યારે તે ફરિયાદ અને રજુઆત બાબતમાં નિયમ અનુસારની કાર્યવાહી સત્વરે કરવા તથા આ બાબતની કાર્યવાહી અથવા રેડ દરમ્યાન ઉપરોકત સુરક્ષા સમિતિના મહિલા સભ્યોને રેડમાં સામેલ નહીં રાખવા સ્પષ્ટ સૂચના દરેક સંબંધિતોને આપવી.

ઉપરોકત બાબતમાં પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી કક્ષાએથી પણ સંબંધિતોને સ્પષ્ટ સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ધીમંત પટેલ)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.
- ઉપાધ્યક્ષશ્રી, રાજય મહિલા સુરક્ષા સમિતિ, બ્લોક નં.૧૯/૩ જો માળ, જુના સચિવાલય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી (ક્રાઇમ અને રેલ્વેઝ) પોલીસ ભવન, ગાંધીનગર.
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ
- સર્વે પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ
- સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ
- શાખા સિલેકટ ફાઇલ